# અરવલ્લી જિલ્લામાં પાંચમો સપ્તપદી સમુહલગ્ન યોજાયો

મોડાસા, તા. ૧૧ અરવલ્લી જિલ્લાના ધનસુરાના ભેસાવાડા પાસે અખિલ આંજણા ચૌધરી સમાજ ધ્વારા કરવામાં આવી હતી. ૨૦ હજારથી વધુ જાનૈયાઓની હાજરીમાં સલામતી અને સુરક્ષા રહે તે માટે પ્રથમ વખત ૫૦ આરોગ્યની કોઈ સમસ્યા ઉભી ન થાય તે માટે મેડીકલની એક ટીમ પણ તૈનાત કરવામાં આવી હતી.

સતત પાંચમા વર્ષે સમહુ




સતત પાંચમો સમુહલગ્ન સંપન્ન જેટલા સીસીટીવી કેમેરાનો લગ્નોત્સવના સફળ આયોજનથી




**સમૂહ લગ્નની ખાસ વાતો**

બેટી બચાવો બેટી વધવોની થીમ પર સમુહલગ્નનું આયોજન કરાયું હતું, દિવ્યાંગો અને સિનીયર સિટીજન લોકો માટે વ્હીલચેરની વ્યવસ્થા કરાઈ હતી. સુરક્ષા માટે ૫૦ સીસીટીવી કેમેરા દ્વારે લગાવાયા હતા. જેના માટે એક કંટ્રોલ રૂમ પણ બનાવ્યો હતો. ફાયર ફાઈટરની પણ વ્યવસ્થા કરાઈ હતી. તમામ સુરક્ષાને લગતી બાબતોને ધ્યાને રાખી હતી. ૧૫ હજાર માણસો માટે જમવાની વ્યવસ્થા કરાઈ હતી. સમુહલગ્નથી સમાજ અને લોકોને ફાયદો થાય છે. સમય અને ખર્ચનો બચાવ થાય છે.

થયો હતો. જેમાં સુચારૂ વ્યવસ્થાથી સહુ પ્રભાવિત થયા હતા.

આ સમૂહ લગ્નોત્સવમાં ૨૭ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ સપ્તપદી સમુહલગ્નમાં વિશેષ વ્યવસ્થાઓ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બાળકો માટે ઘોડિયાઘરની વ્યવસ્થા તેમજ સીનીયર સીટીઝન માટે વ્હીલચેરનું આયોજન કરવામાં આવ્યું હતું. હજારો લોકો વચ્ચે ચૌધરી સમાજના ભાઈ-બહેનોમાં ખુશીની લાગણી પ્રવર્તી રહી છે. સૌના સાથ સહકારથી સમુહલગ્નોત્સવનું દર વર્ષે સફળ આયોજન કરનારા આયોજકો સાચે જ અભિનંદનના આધિકારી છે.

## અબુધાબીની આરબ ભૂમિ પર પ્રથમ હિન્દુ મંદિરનો

# શિલાપૂજન વિધિ હજારો ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં સંપન્ન

## ‘આ મંદિર બે ધાર્મિક પરંપરાઓ વચ્ચે સદભાવનાની ભૂમિ બનશે...’ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

યુનાઈટેડ આરબ અમિરાતની રાજધાની અબુધાબી ખાતે આજે તા. ૧૧ ફેબ્રુઆરી અને વિજયા એકાદશીના પવિત્ર દિવસે અખાતી દેશોના પ્રથમ પરંપરાગત શૈલીના હિન્દુ મંદિરનો વેદોક્ત ભૂમિપૂજન કાર્યક્રમ વિધિવત્ સંપન્ન થયો હતો. આ મંદિરનું નિર્માણકાર્ય સંભાળી રહેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં દુબઈ-અબુધાબી રાજમાર્ગ પર અબુ મુરૈકા ખાતે હજારો ભક્તો પણ આ વિધિમાં શામેલ થયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દુબઈના વિખ્યાત ઓપેરા હાઉસ ખાતે ૧૮૦૦થી વધુ મહાનુભાવોની મેદની વચ્ચે આ શિલાપૂજનમાં ભાગ લેતાં મંદિરની પ્રતિકૃતિનું વિધિવત્ ઉદ્ઘાટન કર્યું હતું. આરબ દેશોના પ્રતિક રૂપ ખજૂરીના વૃક્ષપર્ણો વચ્ચે મુકાયેલી આ શિખરબદ્ધ મંદિરની આ




મોડેલ બે સંસ્કૃતિઓ વચ્ચેની સદભાવનાનું એક અનોખું દર્શન બની રહ્યું હતું. આ પ્રસંગે વિશાળ જનમેદનીને સંબોધતાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, કદાચ કેટલાંય દશકો પછી ભારત અને અખાતી દેશો વચ્ચે આવો ઉંડો અને વાઈબ્રન્ટ સંબંધ બંધાયો છે. અખાતી દેશોના ૩૦ લાખથી વધુ ભારતીયો અહીંની વિકાસયાત્રામાં ભાગીદાર બન્યા છે. અખાતી દેશોના શાસકોએ અહીં ભારતીયોને પોતાના બીજા ઘર જેવું ઉત્તમ વાતાવરણ પુરુ પાડ્યું છે, તે બદલ હું તેમનો આભારી છું. જ્યારે ૨૦૧૫માં અબુધાબીના ક્રાઉન પ્રિન્સને મળવાનું થયું ત્યારે તેમણે આ મંદિરની વાતને આગળ ધપાવી હતી. હું સવા સો કરોડ ભારતીયો વતી તેમનો આભાર વ્યક્ત કરું છું. આ મંદિરનું નિર્માણ સદભાવનાના સેતુ પર થઈ રહ્યું છે. મંદિર માનવતા અને સંવાદિતાનું એક માધ્યમ અને ઉદ્દિપક છે. સ્થાપત્યની દૃષ્ટિએ, આધુનિક ટેકનોલોજીની દૃષ્ટિએ, મેસેજિંગની દૃષ્ટિએ આ મંદિર અનોખું જ બનશે, ભારતની આગવી ઓળખ બનશે. અહીંના શાસકોએ ભારત પ્રત્યે સન્માન દર્શાવ્યું છે અને ભારતીય સાંસ્કૃતિક પરંપરાનું ગૌરવ કર્યું છે ત્યારે આપણાથી કોઈ ચૂક રહી ન જાય તે જોવાની આપણી જવાબદારી છે.’

વહેલી સવારે બરાબર ૮.૧૫ વાગ્યે અબુ મુરૈકા ખાતે એક વિશાળ સુશોભિત પંડાળમાં આ ભૂમિપૂજન વિધિ આરંભાયો હતો. આરબભૂમિ પર વૈદિક મંત્રોના ગાન વચ્ચે વાતાવરણ અત્યંત પવિત્ર અને સદાસ્મરણીય બની રહ્યું હતું.

# મોડાસા માર્કેટયાર્ડમાં ખેડૂતો પરેશાન

મોડાસા, તા. ૧૧ અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માર્કેટયાર્ડમાં જિલ્લાભરના ખેડૂતો તેમનો મહામૂલો પાક વેચવા માટે આવતા હોય છે. ત્યારે મોડાસા માર્કેટયાર્ડના કેટલાક વેપારીઓ દ્વારા ખેડૂતોને છેતરવા માટે જ બેઠા હોય તેમ તોલ-માપમાં ગેરરીતિ આચરી ખેડૂતોને આબાદ છેતરવામાં આવતા હોવાની સાથે અભણ ખેડૂતો સાથે આંકડાકીય ગણતરી ખોટી કરી ખેડૂતોને પાકની હરાજી સમયે કરેલી ખરીદીમાં નાણાકીય લૂંટ પણ ચલાવવામાં આવતી હોવાની ખેડૂત આલમમાં ચર્ચાએ જોર પકડ્યું છે અને ઘટના નામે પણ ખેડૂતો સાથે સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે. મોડાસા માર્કેટયાર્ડમાં એક વેપારીએ જાગૃત ખેડૂત પાસેથી કપાસ ખરીદ કર્યા પછી પેમેન્ટ ચેકથી આપવાના બદલે રોકડમાં આપી ૨૦ કિલો (૧ મણ) કપાસે ૧૦ રૂપિયા કાપી ખેડૂતને છેતરવામાં આવતા ખેડૂત સમસમી ઉઠ્યો હતો આ અંગે ખેડૂતે ઘરે પહોંચી વેપારીને ફોન કરતા વેપારીએ ગલ્લાંતલ્લાં કરતો ઓડિઓ વાઈરલ થતા માર્કેટયાર્ડના સત્તાધીશો હરકતમાં આવ્યા હતા. મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓ દ્વારા ખેડૂતો સાથે છેતરપિંડી કરતા વેપારીઓના લાયસંસ રદ કરવામાં આવેની ખેડૂતોમાં ઉગ્ર માંગ ઉઠી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધી લાદ્યા પછી દેશમાં પેદા થયેલી નાણાકીય કટોકટીને ખાળવા અને દેશને ડિજિટલ પ્રગતિ માટે કેશલેશ બનાવવાનો નીર્ધાર કરી કેશલેશ ઝુંબેશ હાથ ધરાતા ખેડૂતો માટે આફતરૂપ સાબિત થતા તેમના વેચેલા પાકના નાણાં મેળવવા રીતસરના ફોફા મારવા પડ્યા હતા અને હાલની ઘડીએ પણ ખેડૂતોના પકવેલા મહામુલા પાકને માર્કેટયાર્ડમાં વેચાણ કરતા વેપારીઓને નાણાં મેળવવા અનેક મુશ્કેલીનો સામનો કરવો પડતા ખેડૂતોની હાલત કફોડી બની છે. એમાં પણ કેટલાક માર્કેટયાર્ડના લેભાગુ વેપારીઓ દ્વારા નીતનવી




પદ્ધતિના સહારે ખેડૂતોને લૂંટાતા ખેડૂતોની હાલત પથ્થર પર પાટુ મારવા જેવી પેદા થઈ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, મોડાસા તાલુકાના દધાલિયા ગામના હસમુખભાઈ ધુળાભાઈ પટેલ તેમના ખેતરમાં પકવેલ કપાસ વેચવા મોડાસા માર્કેટયાર્ડમાં શુક્રવારે પહોંચતા હરાજીમાં એક ખાનગી પેઢીના વેપારીએ ૨૦ કિલોનો ૯૫૦ રૂપિયાના ભાવે ખરીદી કર્યા પછી ખેડૂતને ૨૦ કિલો કપાસનો ભાવ ૯૪૦ રૂપિયા પ્રમાણે ગણતરી કરી રૂપિયા ચૂકવ્યા બાદ ખેડૂતે વિશ્વાસમાં રહી રૂપિયા લઈ ઘરે ગયા બાદ વેપારીએ આપેલ ચિઠ્ઠી જોતા ચોકી ઉઠ્યા હતા અને વેપારીએ ૨૦ કિલોએ ૧૦ રૂપિયા કાપી લેતા ચોકી ઉઠ્યા હતા અને આ અંગે વેપારી સાથે ફોન પર વાત કરતા વેપારીએ ૨૦ કિલોએ કાપેલ ૧૦ રૂપિયા ચેકના બદલે રોકડા રૂપિયા આપવામાં આવ્યા હોવાથી કાપી લીધેલ હોવાનું કહી માર્કેટયાર્ડના અન્ય વેપારીઓને પણ પૂછી લેવાનું જણાવતા ખેડૂત સમસમી ઉઠ્યો હતો ખેડૂતે અન્ય ખેડૂતો આવી ઘટનાનો ભોગ ન બને તે માટે માર્કેટયાર્ડના ચેરમેનને પણ રજુઆત કરવા જણાવ્યું હતું અને માર્કેટયાર્ડ વેપારીએ કરેલ ટેલિફોનિક વાત પ્રમાણે અન્ય વેપારીઓ પણ આ રીતે છેતરપિંડી કરતા હોવાની વાતમાં તથ્ય જણાતા આવા વેપારીઓ સામે માર્કેટયાર્ડના સત્તાધીશોએ લાયસંસ રદ કરવા અને દંડનીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# ડીસાના ભોંયણમાંથી છ શકુની રંગેહાથ ઝડપાયા

બનાસકાંઠામાં દારૂ અને જુગાર જેવી અસામાજિક બદીઓ સામે પોલીસ તંત્ર કડક હાથે કામ લઈ રહ્યું છે. શનિવારે એલસીબી



પોલીસની ટીમે ડીસા તાલુકા પોલીસ મથકની હદમાં આવતા ભોયણ ગામમાં ઓચિંતો દરોડો પાડી ૬૭,૩૩૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ભોયણ ગામના સરપંચ સહિત કુલ છ શકુનીઓને ઝડપી પાડ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સૂચના મુજબ એલસીબી પોલીસના કાર્યકારી પોલીસ ઈન્સ્પેકટર જે.એચ.સિંધવ તેમની ટિમ સાથે પેટ્રોલિંગમાં નીકળ્યા હતા જે દરમ્યાન ડીસા તાલુકાના ભોયણ ગામે વિરભણજી મફાજી ઠાકોર કેટલાક ઈસમોને ભેગા કરી પોતાના ઘરે ગંજીપાનાનો જુગાર રમાડતો હોવાની ખાનગી બાતમી મળતા એલસીબી પોલીસની ટીમે વીરભણજી ઠાકોરના ઘરે ઓચિંતો દરોડો પાડયો હતો. જે દરમ્યાન આ મકાનમાં જુગાર રમી રહેલા કનુજી મફાજી ઠાકોર, મનુજી મફાજી ઠાકોર, ડીસાના વિનોદકુમાર શંકરલાલ અગ્રવાલ, ભોંયણના રમેશજી દલસાજી ઠાકોર, ડીસાના વિષ્નુજી ગજુજી ઠાકોર અને ઝટિયા ગામનો સુરેશભાઈ લીલાભાઈ નામના શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા. આ શખ્સો પાસેથી ૪૪,૮૩૦ રૂપિયાની રોકડ રકમ, પાંચ મોબાઈલ ફોન તથા ગંજી પાના મળી કુલ ૬૭,૩૩૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આ શખ્સોને ડીસા તાલુકા પોલીસના હવાલે કરાતા તાલુકા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભોયણ ગામેથી જુગાર રમતાં ઝડપાયેલા આ શખ્સો પૈકીનો રમેશજી દલસાજી ઠાકોર ભોયણ ગામનો સરપંચ હોવાની વિગતો બહાર આવતા ચકચાર મચી ગઈ છે.

## પાલન કરાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચના સૂત્રોએ જણાવ્યુ છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ખર્ચ મર્યાદાના અસરકારક અમલીકરણ માટે તે ગંભીર છે. આ ઉપરાંત આદર્શ આચારસંહિતાના અમલમાં પણ તે ખુબ આગ્રહી બનેલ છે. આ માટે જિલ્લાના તમામ અધિકારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપી દેવામાં આવ્યુ છે. ઉમેદવારીપત્રની ચકાસણી દરમ્યાન જ ઉમેદવારોને ખર્ચ અંગેના હિસાબોની નિભાવણી કરવા માટેના રજીસ્ટર સહિતની કીટ ચૂંટણી અધિકારીઓ દ્વારા માન્ય ઉમેદવારોને આપી દેવામાં આવી છે.

## સાયકલોથોન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાગ લીધો હતો જેમાં નાના બાળકોથી લઈ મોટી વયના નાગરીકોનો પણ સમાવશે થાય છે.તે ઉપરાંત આ વર્ષે ખાસ દિવ્યાંગ સાયકલીસ્ટો પણ મોટીસંખ્યામાં જોડાયા હતા અને અન્ય સાયકલ પ્રેમીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર ગુજરાતમાંથી અમદાવાદ ખાતે આયોજીત સાયકલોથોનમાં નાગરીકો આવ્યા હતા. તેમાં ગાંધીનગરના ૮ સાયકલ પ્રેમીનો સમાવેશ થાય છે. જેમાં ડો. ગૌરાંગ થાનકી, રુચી થાનકી, નિમિશ શાહ ( શ્રીજી ફાર્માડીલ પ્રા.લિ૦, જગદીશ ધુધાત સે-૧૧ સ્કાય ડોટ્સ, હિંમાશુ પટેલ ડાયરેકટર મયુર ગ્રુપ, ચેતન શાહ સ્કાયવેય કોમ્પ્યુટર પ્રા.લિ, જય પટેલ અનંત ઈન્ફ્રા, અને રાજેશ પરાશીયા (રાજધાની હાર્ડવેર સે-૧૧)નો સમાવેશ થાય છે. હાફ સાયકલોથોન પૂર્ણ કરીને મેડલ મેળવીને આ સાયકલ પ્રેમીઓએ શહેરનું ગૌરવ વધાર્યુ છે.

## ચૂંટણી ખર્ચ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૧માં સુધારો કરી આ ખર્ચ મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય રાજકીય પક્ષોને સાથે રાખી કર્યો હતો.

જેમાં તાલુકા પંચાયત માટે રૂ. સવાલાખ અને જિલ્લા પંચાયત માટે રૂ. અઢી લાખની મર્યાદા નિયત કરવામાં આવી હતી. પંચે આ મર્યાદામાં સુધારો કર્યા પછી તેના અમલીકરણ માટે પણ ખાસ આગ્રહ રાખ્યો છે.

રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પરિણામો જાહેર થઈ ગયાના ૧ માસની અંદર સંપૂર્ણ હિસાબો ઉમેદવારે ચૂંટણી અધિકારીને આપવાના હોય છે. આ ઉપરાંત ચૂંટણી દરમ્યાન પણ અધિકારી દ્વારા નિયત કરેલા દિવસોમાં ખર્ચની ચકાસણી કરાવવાની હોય છે.

નિયત સમયમર્યાદામાં હિસાબો રજુ નહિ કરનાર ઉમેદવારને પંચ દ્વારા સુનાવણીની તક આપવામાં આવે છે અને તેમાં જો કારણો વ્યાજબી ના જણાય તો ઉમેદવાર સામે એફ.આઈ.આર. દાખલ કરવામાં આવશે અને ગેરલાયક ઠેરવવા સુધીના પગલાં લેવામાં આવશે. પંચે આ માટે તેના નિયમોમાં સ્પષ્ટ જોગવાઈઓ કરી હોવાનું પંચના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## મોદી છવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. તેમણે કહ્યું હતું કે, ભારતને ગ્લોબલ બેંચમાર્ક સુધી લઈ જવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે, ભારતના લોકોને હવે ગર્વ થઈ રહ્યું છે કે, અખાતના દેશોમાં ૩૦ લાખથી પણ વધારે ભારતીય સમુદાયના લોકો અહીંની વિકાસ યાત્રામાં ભાગીદાર બની રહ્યા છે. ભારતીય સમુદાયના લોકોએ આને પોતાના ઘર તરીકે ગણીને કટિબદ્ધતાની સાથે અહીંના લોકોના સપનાઓને પૂર્ણ કરવા ભૂમિકા ભજવી છે. મોદીએ યુએઈના તમામ નેતાઓ અને શાહી પરિવારન પ્રશંસા કરી હતી. મોદીએ ઉમેર્યું હતું કે, જ્યારે ક્રાઉન પ્રિન્સે મંદિર બનાવવાની વાતને આગળ વધારી ત્યારે તમામને આશ્ચર્ય થયું હતું. તેઓ ક્રાઉન પ્રિન્સનો સવા સો કરોડ ભારતીયો તરફથી આભાર માને છે. મંદિરનું નિર્માણ બંને દેશોની સદ્ભાવનાના સેતુ તરીકે થશે. અમે એવી પરંપરામાં ઉછર્યા છે જ્યાં મંદિર માનવતાના સ્થાન તરીકે છે.

## ત્રાસવાદી ઠાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ મોટા પાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જે આજે બીજા દિવસે પણ જારી રહ્યુ હતુ. જેના ભાગરૂપે ચારેબાજુ ત્રાસવાદીઓની વ્યાપક શોધખોળ ચાલી રહી છે. કમાન્ડો પણ મેદાનમાં ઉતરેલા છે. ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી રહી છે. ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ જમ્મુ શહેરમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. જે આજે પણ યથાવત રાખવામાં આવી હતી. ગઈકાલે શનિવારે વહેલી પરોઢે ૪.૫૫ વાગ્યાની આસપાસ આ હુમલો કરવામાં આવ્યો હતો. સુરક્ષાના કારણોસર આસપાસની તમામ સ્કુલોને બંધ કરાવી દેવામાં આવી હતી. ઉધમપુરમાંથી કમાન્ડો તરત જ પહોંચી ગયા હતા. તાજેતરના સમયમાં ત્રાસવાદી હિંસા જમ્મુ કાશ્મીરમાં વધી ગઈ છે. ઓપરેશન ઓલઆઉટ સેનાએ હાથ ધરીને ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે.

## સંબંધ સજાવે...

● અનુસંધાન બીજાનું ચાલુ

હતો. આ સ્થિતિમાં તેમને ભૂજ ખાતેની લેઉઆ પટેલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં જ્યાં તબીબે જણાવ્યું કે રાધાબેનને હાઈબીપીના કારણે નાના મગજની નસ ફાટી જતા બ્રેઈન હેમરેજ થયુ છે અને તેઓ કોમામાં સરી પડ્યાં છે. બીજા દિવસે રાધાબેનને અમદાવાદ સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં જ્યાં તેમને ૯ દિવસ રાખવામાં આવ્યા. આ દરમ્યાન રાધાબેનને ખોરાક આપવા હોજરીમાં કાણું પાડી, પેશાબ માટે પીઠમાંથી કાણું પાડી અને શ્વાસ લેવા માટે ગળામાં કાણું પાડી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી. અંતે હોસ્પિટલમાંથી જણાવાયું કે હવે આ કેસ હાથમાં નથી રહ્યો તેથી જ્યાં સુધી તેમના શ્વાસ ચાલે છે ત્યાં સુધી આ રીતે જ રાખવા પડશે તેવુ કહી રજા આપી દેવાઈ. હોસ્પિટલનું મસમોટુ બિલ ચુકવી ફરી ભૂજમાં દાખલ કરાયાં અને દસેક દિવસ બાદ ઘરે લાવી દેવાયા. શિવજીભાઈએ તબીબો અને મિત્રો પાસેથી સલાહ મેળવી રાધાબેનને ફિઝિયોથેરેપી સારવાર આપવાનું શરૂ કર્યુ અને તે માટે ઘરે સાધનો પણ વસાવ્યાં. આ પછી માંડવી પાસેના બિદડા ખાતેથી સર્વોદય ટ્રસ્ટની અદ્યતન હોસ્પિટલમાં દાખલ કરાયાં જ્યાં તેમની સઘન ફિઝિયોથેરેપી ચાલુ કરવામાં આવી. આ દરમ્યાન તેમનો વ્યવસાય ખોરંભે ચઢી જતા ગ્રાહકો નારાજ થવા લાગ્યા અને કર્મચારીઓ પણ અકળાવા લાગ્યા હતા. તમામને શિવજીભાઈ એક જ જવાબ આપતા કે ‘હજુ તેના શ્વાસ ચાલે છે તો કેવી રીતે છોડી દઉ ??’’

છ વ્યક્તિ ચાદરમાં નાંખીને ઉંચકીને લઈ જવા પડે તેટલુ ભારે શરીર ધરાવતા રાધાબેનની બે મહિને આંખ ફરકવા લાગી અને ધીમે ધીમે કોમામાંથી બહાર આવ્યાં પરંતુ આખ્ખુ શરીર લકવાગ્રસ્ત થઈ ગયું હતું. સર્વોદયની બે વર્ષની સારવારથી તેમની યાદશક્તિ પરત આવી અને મોંઢેથી ખોરાક લેતા થઈ ગયા તેમજ પેશાબની નળી પણ દૂર થઈ ગઈ. આ દરમ્યાન શિવજીભાઈને વ્યવસાય બંધ કરી દેવો પડ્યો અને દેવુ વધી ગયુ. આ સમયે મિત્રો મદદે આવ્યા અને તેમણે દવાખાનાના બિલ ચુકવ્યાં. તેમનો ભાઈ જે આફ્રિકામાં રહેતો હતો તેણે ઘરનો ખર્ચ ઉપાડી લીધો છે અને મોટો દિકરો દાદીની સંભાળ રાખે છે જ્યારે નાનો દિકરો સ્વામિનારાયણ ગુરૂકુળે સંભાળી લીધો છે. બે વર્ષ પછી શિવજીભાઈ રાધાબેનને ઘરે લઈ ગયા અને તેમની દરેક પ્રકારની સારસંભાળ તેઓ જ ઉઠાવતા. અનેક બાધા-આખડી-માનતા, ભૂવા-બાવા, દોરા-ધાગા પણ કરી જોયા અંતે તેમને એક મિત્રએ ગાંધીનગર મોકલ્યાં. બસ ચાર વર્ષથી યાતના ભોગવી રહેલ આ યુગલ છેલ્લાં દોઢેક માસથી અહીં સારવાર લઈ રહ્યું છે. અને અહીંથી તેમને રાધાબેન જાતે ચાલતા ઘરે જશે તેવી આશા બંધાઈ છે. હોસ્પિટલમાં સ્ટાફ અને અન્ય દર્દીઓ શિવજીભાઈ જે રીતે રાધાબેનની માવજત કરી રહ્યાં છે તે જોઈ અભિભૂત થઈ રહ્યાં છે. ખરેખર, પ્રેમનું આ એક અનોખુ સ્વરૂપ છે જેમાં માત્ર સંબંધની કદર જ નહી પરંતુ સમર્પણની સુવાસ નત મસ્તક થવા પ્રેરિત કરે છે.

- પ્રતિભાવો આવકાર્ય (Samirtalod@yahoo.com)

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

માંગ કરેલ છે જેમાં ભોગ બનનાર પત્નીના પતિને પણ સહન કરવાનું આવતું હોય તેને પણ ફરીયાદી બનાવવા માટે સંમતી માંગતી માંગ કરેલ છે જેનો સંબધ પોતાની પત્ની સાથે વ્યભિચાર પૂર્ણ હોય તે સ્ત્રી અને પુરૂષ બન્નેને સમાન અધિકાર છે કે ભોગ બનનારના પતિ કે પત્ની તરીકે ફરીયાદી બની શકે.

યાચીકા કરતાએ આ બાબતે પોતાના પક્ષે બચાવ કરતા તથા કલમ ૪૯૭ અને ૧૯૮ માં ફેરફાર માટે બંધારણની કલમ ૧૪,૧૫ અને ૨૧ નો સહારો લઈ સમાન અધિકાર લીંગ, જાતિ ભેદ, ધર્મ, જાતિ ભેદનો વિશેષ તથા વ્યક્તિગત સ્વતંત્રતાને આધાર માનેલ છે જે મુદ્દા ઉપર મુખ્ય ન્યાયધિશ તથા અન્ય ચાર જજીસ સહમતી સાધતા હવે દડો ગૃહ મંત્રાલય તરફે ફેંકયો છે. આવનાર સમય જ નક્કિ કરશે કે લગ્ન બાહ્ય પર સ્ત્રી સાથેના પર પુરૂષના સંબધોએ વ્યભિચાર ગણવા કે કાયદાકિય માન્ય તથા પર સ્ત્રીગમન અપરાધનો, પર પુરૂષ ગમનને અપરાધ કેમ ના ગણાય?

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

હતી.આવતી સરકાર ભલે માર્ક્સવાદી સરકાર હોય, પણ કોંગ્રેસ યુવા નેતાગીરીને આગળ કરીને ભવિષ્યની તૈયારી કરતી હોવાનું ગુજરાતના કચ્છ અને દેવગઢબારિયાના રાજવી પરિવાર સાથે પારિવારિક સંબંધ ધરાવતા ત્રિપુરા કોંગ્રેસના કાર્યાધ્યક્ષ એવા યુવા નેતા કહે છે.’’મારા દાદા મહારાજા વીર વિક્રમ કિશોર દેવવર્મનના નામ સાથે અગરતલાના ઍરપોર્ટને જોડવાની વાત ભાજપ કરે છે, પણ મારા દાદા તો સૅક્યુલર હતા, ભાજપની જેમ કોમવાદી નહોતા.રાજ્યની પ્રજા ભાજપને બરાબરનો પાઠ ભણાવશે.’’

કેરળમાં માર્ક્સવાદી મોરચાની સરકાર આવતાં વડા પ્રધાન મોદી આડા હાથ દઈ શક્યા નથી. પશ્ચિમ બંગાળમાં છેક ૧૯૭૭થી રાજ કરતા માર્ક્સવાદી મોરચાને ‘બંગાળની વાઘણ’ ગણાતાં મમતા બેનરજીએ ૨૦૧૧માં પરાસ્ત કરવામાં સફળતા મેળવી હતી. અહીં મમતા દીદીને પછાડવા ભાજપ થકી ભારે ઉધામા મારવામાં આવ્યા, અનેક કૌભાંડોના ખટલાઓમાં તૃણમૂલના નેતાઓને ગિરફ્તાર કરવામાં આવ્યા, છતાં ભાજપને રાઈટર્સ બિલ્ડિંગ પર કબજો મેળવવામાં સફળતા મળી નથી. હવે માર્ક્સવાદી મોરચાના ત્રિપુરા ગઢને તોડ્યા પછી કેરળનો ગઢ ધ્વસ્ત કરવાની ભાજપી યોજના છે.વિપક્ષી એકતામાં મમતા બેનરજી, નવીન પટનાયક, અરવિંદ કેજરીવાલ, અને રાહુલબાબા વચ્ચે સમજૂતી સધાય નહીં એ માટે ભાજપી સેના સુરંગો મૂકતી જાય છે. મોદી-સેના જાગતી સેના છે. જોકે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં એને અપેક્ષિત સફળતા મળી નથી. ઉપરાંત વિપક્ષી નેતા પરેશ ધાનાણી અને રાહુલ-બ્રિગેડના બીજા કોંગ્રેસી નેતાઓએ રૂપાણી સરકારને ભીંસમાં લેવાનું ચાલુ કર્યું છે. આવું પ્રત્યેક રાજ્યમાં કોંગ્રેસ અને વિપક્ષ કરે, એવા સંજોગોનો મુકાબલો કરવા માટે પણ ભાજપની નેતાગીરીએ કમર કસવાની છે.

**રાજભવનમાં સંઘનિષ્ઠોઃ સત્તા માટે જોડાણો**

ઈશાન ભારતનાં રાજ્યોમાં રાજ્યપાલની નિયુક્તિઓ તો કેન્દ્રમાં મોદી સરકાર થકી કરાયેલી છે. ત્રિપુરામાં રાજ્યપાલ તરીકે પશ્ચિમ બંગાળના ભાજપ અધ્યક્ષ રહેલા સંઘનિષ્ઠ તથાગત રાય છે. નાગાલૅન્ડમાં રાજ્યપાલપદે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના અગ્રણી અને ઈશાન ભારતમાં વર્ષોથી કાર્યરત રહેલા મુંબઈકર પદ્મનાભ આચાર્ય છે. મેઘાલયમાં નાગપુરના હિતવાદ અખબાર સમૂહના મોભી અને અગાઉ કોંગ્રેસી અને પછીથી ભાજપી સાંસદ રહેલા સંઘના લાડકા બનવારીલાલ પુરોહિત છે. ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની બેઠકો ૬૦-૬૦ છે. ત્રિપુરા હિંદુબહુલ છે, પણ મેઘાલય અને નાગાલૅન્ડ ખ્રિસ્તીબહુલ છે. જોકે, ભાજપ જેવો દેશ તેવો વેશ કરવામાં નિષ્ણાત છે. ભારતમાં અન્યત્ર ગોમાંસ વિરોધી ઝુંબેશ ચલાવનાર ભાજપને અહીં ગોમાંસ ભક્ષણ સામે વાંધો નથી.

નાગાલૅન્ડમાં મુખ્ય પ્રધાન ટી. આર. ઝૅલિયાંગના નાગા પીપલ્સ ફ્રન્ટ (ઍનપીઍફ) સાથે છેલ્લાં ૧૫ વર્ષથી ભાજપનું જોડાણ હતું. જોકે, આ વખતે એ તોડીને નાગાલૅન્ડના મુખ્ય પ્રધાન અને સાંસદ રહેલા નેઈફ રિઓના વડપણવાળા પક્ષ નેશનલ ડૅમોક્રૅટિક પીપલ્સ પાર્ટી (ઍનડીપીપી) સાથે ભાજપે ઘર માંડ્યું છે. ૨૭ ફેબ્રુઆરીએ અહીં ચૂંટણી યોજાવાની છે. ૪૦ બેઠકો ઍનડીપીપી અને ૨૦ બેઠકો ભાજપ લડે છે. મેઘાલયમાં કોંગ્રેસી મુખ્ય પ્રધાન મુકુલ સંગમાને ઘર ભેગા કરવા માટે કૉનરાડ સંગમાની ઍનપીપી સાથે ભાજપ ચૂંટણી લડે છે.

**અણ્ણા હજારેનું આંદોલન**

અગાઉ રામલીલા મેદાન પર આંદોલન કરીને કૉંગ્રેસની ડૉ. મનમોહન સિંહની સરકારને ઘરભેગી કરવાનું વાતાવરણ તૈયાર કરનાર મહારાષ્ટ્રના સમાજસેવી અણ્ણા હજારે હવે નરેન્દ્ર મોદી સરકારને ઘરભેગી કરવાના સંકલ્પ સાથે આગામી ૨૩ માર્ચથી રામલીલા મેદાન પર ફરીને રાજકીયલીલા આદરવાના છે. જોકે, આ વખતે એમને કેટલો અને કેવો પ્રતિસાદ મળશે એ વિશે શંકાકુશંકાઓ અત્યારથી સેવાઈ રહી છે. ક્યારેક મહારાષ્ટ્રમાં પોતાના ગામ રાળેગણસિદ્ધિને આદર્શ ગામ બનાવવામાં સફળ રહેલા અણ્ણા હજારેના શિષ્યોમાં પાછળથી ઘણાં તડાં પડ્યાં હતાં. અરવિંદ કેજરીવાલ થકી ‘આપ’ની સ્થાપના કરાઈ અને દિલ્હીના મુખ્ય પ્રધાનપદ સુધીની મજલ કાપવામાં આવી એ જ આંદોલનમાંથી નીકળેલાં કિરણ બેદી ભાજપમાં જોડાયાં. ચૂંટણીલક્ષી રાજકારણમાં પરાસ્ત થયાં. હવે નાયબ રાજ્યપાલ છે.મોદી સરકારની ઘસાતી જતી લોકપ્રિયતાને આડા હાથ દેવા પ્રાયોજિત સર્વેક્ષણો અને નંબર વનવાળી જાહેરાતો વચ્ચે લોકસભાની ચૂંટણી છ મહિના વહેલી કરાય તો બહુ આશ્ચર્ય નહીં થાય.

ઈ-મેઈલ : haridesai@gmail.com